| | |
|---|---|
| રજીસ્ટ્રેશન તારીખ :– | ૦૮/૦૪/૨૦૧૯ |
| દાખલ તારીખ :– | ૦૮/૦૪/૨૦૧૯ |
| ફૈંસલ તારીખ :– | ૦૯/૦૪/૨૦૨૫ |
| સમયગાળો :– | ૦૬–વર્ષ, ૦૧–દિવસ |

सत्यमेव जयते

**<u>મજુર અદાલત નં.૩ ના જજ અને એકસ–ઓફિસીયો કમિશ્નર ફોર વર્કમેન્સ કોમ્પેન્શેસન એકટ, મુ.વડોદરા</u>**

**<u>વ.કો. ફેટલ કેસ નં.૦૯/૨૦૧૯</u>**

**આંક–૩૪**

**અરજદાર:–** ઉર્મિલાબેન સોમાભાઈ
૩૮૮, બાપાસીતારામ નગર, સયાજીપાર્ક,
આજવારોડ, વડોદરા.

**<u>–: વિરૂઘ્ઘ :–</u>**

**સામાવાળા :–**
(૧) મોર્ડન વી.આર.સિકયુરીટી ફોર્સ (ઈન્ડીયા)
શોપ નં.૧૪, પહેલે માળ, હેલીક્ષ કોમ્પ્લેક્ષ,
સુર્યા હોટલ સામે, સયાજીગંજ, વડોદરા.
(૨) ટ્રાન્સકેસ રીયલ કંપની
વડદલા, હરિપુરા, જરોદ સમલાયા રોડ,
તા.વાઘોડીયા, જી.વડોદરા.
(૩) રાજરતન કુ.પ્રા.લી.,
સર્વે નં.૧૭૩, જરોદ, વાઘોડીયા રોડ,
વડોદરા.
(૪) આઈ.સી.આઈ.સી.આઈ. લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કું.લી.
વીરસાવરકર માર્ગ, સિઘ્ઘી વિનાયક મંદિર પાસે, પ્રભાદેવી,
મુંબઈ.

..........................................................................

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | પ્રતિનિધિશ્રી | : પર્વતસિંહ બારીયા |
| સામાવાળા નં.૧ તરફે | વિ.વકીલશ્રી | : જે.પી.વાળંદ |
| સામાવાળા નં.૨ તરફે | વિ.વકીલશ્રી | : એસ.જે.શાહ |
| સામાવાળા નં.૩ તરફે | વિ.વકીલશ્રી | : એસ.કે.નાયક |
| સામાવાળા નં.૪ તરફે | વિ.વકીલશ્રી | : જે.આઈ.શાહ |

..........................................................................

**::– કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ ની કલમ–૪ હેઠળ વળતર અરજી –::**

**–:: હુ ક મ ::–**

**(૧)** આ કામે અરજદારે આંક–૦૧ થી વળતર અરજી રજુ કરેલ છે જેમાં તેઓ જણાવે છે કે :–

**(૧.૧)** અરજદારના પતિ સોમાભાઈ મોહનભાઈ રોહિત કે જેઓ મોર્ડન વી.આર. સિકયુરીટી ફોર્સ (ઈન્ડીયા) પ્રા.લી. માં તા.૨૯/૧૧/૨૦૧૪ થી જોડાયેલા છે અને તેમને માસિક રૂા.૧૧,૬૩૫/– પગાર ચુકવતા હતા.

**(૧.૨)** અરજદારના પતિ સામાવાળા નં.૧ ની સુચનાથી કામ કરતા હતા અને તા.૨૮/૦૯/૨૦૧૮ ના રોજ આ કામના સામાવાળા સંસ્થામાં ફરજ પર મોકેલેલા અને તેમને એટલે કે સામાવાળા નં.૨ ની સંસ્થાને તેમને ભાડે રાખેલ રાજરતનના ગોડાઉન નં. સર્વે નં.૧૭૩ જરોદ વાઘોડીયા રોફ વડોદરામાં ફરજ સોપેલ અને તેઓ ફર જ દરમ્યાન રાજરતન કંપનીના કંપાઉન્ડની બહાર પાન પડીકી લેવા માટે ગયેલા અને તે વખતે કોઈ અજાણ્યા ટેમ્પાવાળાની અડફેટમાં આવી જતાં મોટા પ્રમાણમાં ઘવાયેલા અને તેમન પ્રથમ સારવાર નજીકના દવાખાના  રેફલ હોસ્પિટલમાં કરાવ્યા બાદ તેમને એસ.એસ.જી.હોસ્પિટલ વડોદરા મુકામે ખસેડેલા અને ત્યાં સારવાર દરમ્યાન તેમનું અવસાર થયેલ.

**(૧.૩)** અરજદારના પતિને અકસ્માત થયા બાદ જરોદમાં તેમજ વધુ સારવાર માટે એસ.એસ.જી. હોસ્પિટલમાં વધુ સારવાર કરાવેલ તે સમય દરમ્યાન  આશરે રૂા.૫૦,૦૦૦/– ખર્ચ થયેલો અને તે રકમ અરજદારે ભોગવેલ છે.

**(૧.૪)** અરજદારના પતિની જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬ છે. જેથી અરજદારના પતિને અકસ્માતના દિવસે ૫૨ વર્ષ ૩ માસ અને ૨૮ દિવસ થાય છે અને તેમને માસિક રૂા.૧૬૩૫/– પગાર ચુકવતા હતા જેથી કામદાર વળતર અધિનિયમની કલમ–૪ મુજબ તેમના અવયવ ૧૪૬.૨૦ અને પગારના ૪૦૦ આમ ૪૦૦૦×૪૬.૨૦ – રૂા.૫,૮૪,૮૦૦/– તેમજ અંતિમ ક્રિયાના રૂા.૫,૦૦૦/– અને અકસ્માત દરમ્યાન થયેલ ખર્ચના રૂા.૫૦,૦૦૦/– આમ કુલ રૂા.૬,૩૯,૮૦૦/– ચાલીસ હજાર પુરા થાય છે. તે અમો અરજદાર  સામાવાળા પાસે મેળવવા હકકદાર છીએ તેમજ આ કામના સામાવાળાઓ ૧૮% વ્યાજ સહિત ચુકવવા માટે જવાબદાર છે.

**(૧.૫)** આ કામના સામાવાળા નં.૪ આઈ.સી.આઈ.સી.આઈ. લોમ્બોર્ડ જનરલ ઈન્સ્યુરન્સ કું.લી, ની પોલીસી આ કામના સામાવાળા નં.૧ એ પોલીસી

નં.૪૦૧૦/૧૧૩૨૮૦૩૨૫/૦૨ ની ઉતરાવેલ છે અને તે સમયગાળા દરમ્યાન અકસ્માત થયેલ હોવાથી તે વીમાકંપની પણ જવાબદાર છે.

**(૨)** આ કામના સામાવાળા નં.૧ તરફે આંક–૧૩ થી જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓ અરજીની હકીકતોને પડકારેલ અને વધુમાં નીચે મુજબની હકીકતો જણાવેલ છે :–

**(૨.૧)** સામાવાળા નં.૧ નાઓ સામાવાળા નં.૪ પાસેથી વીમા પોલીસી લીધેલ છે. જે પોલીસી તા.૧૩/૦૨/૨૦૧૮ થી તા.૧૨/૦૨/૨૦૧૯ સુધીના સમયગાળા માટે હતી. અકસ્માત પોલીસીના સમયગાળામાં બનેલ છે. જેથી સામાવાળા નં.૪ નાઓ જવાબદાર છે. વધુમાં અરજદારના મૈયત પતિ સામાવાળા નં.૧ ને ત્યાં તા.૨૯/૧૧/૨૦૧૪ થી સીકયુરીટી ગાર્ડની નોકરીમાં જોડાયેલ. તા.૨૮/૦૯/૨૦૧૮ ના રોજ મૈયત સામાવાળા નં.૨ ના નિર્દેશ અનુસાર સામાવાળા નં.૩ ને ત્યાં ફરજ બજાવતા હતા તે દરમ્યાન રોડ કોર્સ કરતા અકસ્માત બનેલ અને તેઓનું અવસાર તા.૦૯/૧૦/૨૦૧૮ ના રોજ થયેલ. જેથી સામાવાળા નં.૪ નાઓ વળતર ચુકવવા માટે જવાબદાર થાય છે.

**(૨.૨)** આ કામના સામાવાળા નં.૧ જવાબની સાથે એનેક્ષર–એ થી એનેક્ષર–એફ સુધી દસ્તાવેજો રજુ કરેલ છે.

**(૩)** આ કામના સામાવાળા નં.૨ તરફે આંક–૧૧ થી જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓ અરજીની હકીકતોને પડકારેલ અને વધુમાં નીચે મુજબની હકીકતો જણાવેલ છે :–

**(૩.૧)** અજરદાર અને સામાવાળા નં.૨ વચ્ચે માલીક–નોકરનો સંબંધ ન હોઈ તેથી સામાવાળા નં.૨ નાને ખોટી રીતે આ કામમાં પક્ષકાર તરીકે જોડેલા છે તેથી મીસી જોઈન્ડર ઓફ પાર્ટીઝના કારણોસર અરજી ચાલવા પાત્ર ન હોઈ રદ થવાને પાત્ર છે. અરજદારની અરજી વર્કમાને કોમ્પેન્સેશન એકટની જોગવાઈઓ પ્રમાણે ચાલવા પાત્ર ન હોઈ રદ થવાને પાત્ર છે.

**(૩.૨)** સામાવાળા નં.૨ કંપનીનું નામ ટ્રાન્સરેલ છે નહી કે ટ્રાન્સકેસ તેથી પણ અરજદારે જે અરજી દાખલ કરેલ છે તે મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝના કારણોસર અરજી ચાલવા પાત્ર ન હોઈ રદ થવાને પાત્ર છે. અરજદારને સામાવાળા નં.૨ ની નોકરીમાં સામાવાળા નં.૨ ના કામદાર તરીકે કોઈ નોકરી દરમ્યાન, નોકરીની ફરજો બજાવતી વખતે અકસ્માત થયેલ ન હોઈ અને તેના કારણે મરહુમનું મૃત્યુ થયેલ હોય તેવી કોઈ હકીકત નથી તેથી અરજી ચાલવા પાત્ર ન હોઈ રદ થવાને પાત્ર છે.

**(૩.૩)** અરજદારે તેમના પેરા–૨ માં કબુલ કરેલ છે કે, તેઓ સામાવાળા નં.૧ ને ત્યાં સીકયુરીટી ગાર્ડ તરીકેની ફરજ બજાવતા હતા અને તેમની સાથે જ મરહુમનો માલીક કામદારનો સંબંધ હતો તે તેમના કથનો અન્વયે પણ અમોને ખોટી રીતે પક્ષકાર તરીકે જોડેલા હોઈ તે કારણોસર પણ અરજી ચાલવા પાત્ર ન હોઈ રદ થવાને પાત્ર છે.

**(૪)** આ કામના સામાવાળા નં.૩ તરફે આંક–૧૨ થી જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓ અરજીની હકીકતોને પડકારેલ અને વધુમાં નીચે મુજબની હકીકતો જણાવેલ છે :–

**(૪.૧)** અરજદારે નામદાર કોર્ટ સમક્ષ આવી અરજી દાખલ કરતા પહેલા કલમ–૧૦(૧) ની જોગવાઈઓ પ્રમાણે સ્ટેચ્યુટરી નોટીસ સામાવાળા કંપની આપેલ ન હોઈ આ પ્રાથમિક મુદ્દા પર જ અરજી રદ થવાને પાત્ર છે. અરજદાર અને સાામવાળા નં.૩ વચ્ચે માલીક– નોકરના સંબંધો ન હોઈ તેથી સામાવાળા નં.૩ નાને ખોટી રીતે આ કામમાં પક્ષકાર તરીકે જોડેલા છે તેથી મીસી જોઈન્ફર ઓફ પાર્ટીઝના કારણોસર અરજી ચાલવા પાત્ર ન હોઈ રદ થવાને પાત્ર છે.

**(૪.૨)** અરજદારને સામવાળા નં.૩ ની નોકરીમાં સામાવાળા નં.૩ ના કામદાર તરીકે કોઈ નોકરી દરમ્યાન, નોકરીની ફરજો બજાવતી વખતે અકસ્માત થયેલ ન હોય અને તેના કારણે મરહુમનું મૃત્યુ થયેલ હોય તેવી કોઈ હકીકત નથી તેથી અરજી ચાલવા પાત્ર ન હોઈ રદ થવાને પાત્ર છે. અરજદારે પોતે તેમના પેરા નં.૨ માં કબુલ કરેલ છે કે, તેઓ સામાવાળા નં.૧ ને ત્યાં સીકયુરીટી ગાર્ડ તરીકેની ફરજ બજાવતા હતા અને તેમની સાથે જ મરહુમનો માલીક કામદારનો સંબંધ હતો તે તેમના પોતાના કંથનો અન્વયે પણ અમોને ખોટી રીતે પક્ષકાર તરીકે જોડેલા હોઈ તે કારણોસર પણ અરજી ચાલવા પાત્ર ન હોઈ રદ થવાને પાત્ર છે.

**(૫)** આ કામના સામાવાળા નં.૪ તરફે આંક–૧૯ અને આંક–૨૨ થી જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓ અરજીની હકીકતોને પડકારેલ અને વધુમાં નીચે મુજબની હકીકતો જણાવેલ છે :–

**(૫.૧)** હાલની કોર્ટ ને ખાલી નોકર–માલીકના સંબંધ હોય ત્યારેજ સદરહુ અરજી ચલાવવની સત્તા છે જેથી હાલની કોર્ટની સદરહું અરજી ચલાવવાની સત્તા નથી. વધુમાં હાલની કોર્ટને હકુમતનું બાધ નડે છે. વધુમાં મૈયત અને સામાવાળા નં.૪ વચ્ચે પ્રીવીટી ઓફ કોન્ટ્રાકટનો સંબંધ નથી જેથી અરજી નામંજુર કરવા અરજ કરેલ છે. વધુમાં સામાવાળા નં.૪ ના ઓ ઈન્સ્યુરન્સ

પોલીસીની શરતો મુજબ વળતરની રકમ ચુકવવા જવાબદાર થાય છે. વધુમાં મૈયત ઈ.એસ.આઈ.સી. સ્કીમના સભ્ય હોય તેવું હાલની અરજી હેઠળ વળતર મેળવવા હકકદાર થતા નથી.

**(૬)** આ કામના પક્ષકારો તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>અરજદારના મૌખીક પુરાવોઃ—</u>**

આંક—૨૪ :— અરજદાર તરફે મૌખિક જુબાનીના સ્વરૂપમાં સોગંદનામું.

**<u>અરજદારના દસ્તાવેજી પુરાવોઃ—</u>**

| **આંક** | **વિગત** |
|---|---|
| ૦૩/૧ | રોહિત સોમાભાઈ મોહનભાઈના આધારકાર્ડની ઝેરોક્ષ. |
| ૦૩/૨ | મૈયત રોહિત સોમાભાઈ મોહનભાઈના ચુંટણીકાર્ડની ઝેરોક્ષ. |
| ૦૩/૩ | મૈયત રોહિત સોમાભાઈ મોહનભાઈના પાનકાર્ડની ઝેરોક્ષ. |
| ૦૩/૪ | રોહિત ઉર્મિલાબેન સોમાભાઈના પાનકાર્ડની ઝેરોક્ષ. |
| ૦૩/૫ | રોહિત ઉર્મિલાબેન સોમાભાઈના ચુંટણીકાર્ડની ઝેરોક્ષ. |
| ૦૩/૬ | રોહિત ઉર્મિલાબેન સોમાભાઈના આધારકાર્ડની ઝેરોક્ષ. |
| ૦૩/૭ | રોહિત ઉર્મિલાબેન સોમાભાઈના એસ.બી.આઈ.ના બેંકનો એકાઉન્ટ. |
| ૦૩/૮ | આઈ.સી.આઈ.સી. બોમ્બાર્ડ જનરલ ઈન્સ્યુરન્સ કું.લી. ની પોલીસી. |
| ૦૩/૯ | ઉર્મિલાબેન સોમાભાઈ રોહિતનું વિજકનેકશનની ઝેરોક્ષ. |
| ૦૩/૧૦ | અકસ્માતની જાણ અંગેની ફરીયાદ રીપોર્ટ. |
| ૦૩/૧૧ | મરણોત્તર પંચનામાની નકલ. |
| ૦૩/૧૨ | પોસ્ટ મોર્ટમ માટે મોકલાતી લાસની સાથે મેડીકલ ઓફીસરને મોકલવાનો પોલીસી રીપોર્ટ. |
| ૦૩/૧૩ | જરોદ પોલીસ સ્ટેશન પંચોને આધારકાર્ડ લખેલ. |
| ૦૩/૧૪ | વાઘોડીયા પોલીસ સ્ટેશન રીપોર્ટ. |
| ૦૩/૧૫ | પી.એમ.રીપોર્ટ. |
| ૦૩/૧૬ | સરનામાં પોલીસીની નકલ. |

**(૭)** આ કામે અરજદારે આંક—૨૬ થી પુરસીસ રજુ કરી સામાવાળા નં.૨ અને નં.૩ સામે પોતાની દાદ માંગવાનું હકક જતો કરેલ અને જાહેર કરેલ કે અરજદાર સામાવાળા નં.૨

અને નં.૩ સામે કોઈ દાદ માંગતા નથી.

**(૮)** સદર કામે અરજદાર તરફે વધુ કોઈ પુરાવા રજુ કરવાના ન હોવાથી આંક–૨૮ થી કલોઝીગ પુરસીસ આપેલ છે. સામાવાળા નં.૨ ને સદર કામે પુરાવા રજુ ન કરવાના હોવાથી આંક–૨૯ થી કલોઝીગ પુરસીસ આપેલ છે. સામાવાળા નં.૩ અને નં.૪ તરફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**(૯)** સદર કામે અરજદાર તરફે આંક–૩૧ થી લેખિત દલીલો રજુ કરેલ છે. સામાવાળા નં.૧ તરફે આંક–૩૨ થી લેખિત દલીલો રજુ કરેલ છે. તા.૧૨/૦૩/૨૦૨૫ ના રોજ સામાવાળા નં.૪ ની મૌખક દલીલો સાભંળી. તા.૧૨/૦૩/૨૦૨૫ ના રોજના હુકમ થી સામાવાળા નં.૨ અને ૩ નો દલીલો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૧૦)** આ અરજીના ન્યાયનિર્ણય માટે આંક–૨૩ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું અરજદારો સાબિત કરે છે કે, તેઓ ગુજરનારના કાયદેસરના આશ્રીતો છે ?

(૨) શું અરજદારો સાબિત કરે છે કે, અકસ્માત સમયે ગુજરનાર અને સામાવાળાનો શ્રમયોગી અને માલીકનો સંબંધ હતો ?

(૩) શું અરજદારો સાબિત કરે છે કે, ગુજરનારનું મૃત્યુ સામાવાળાની નોકરી ની ફરજ દરમ્યાન અને ફરજના ભાગરૂપે થયેલ ?

(૪) શું અરજદારો સાબિત કરે છે કે, અકસ્માત સમયે અરજીમાં જણાવ્યા મુજબ ગુજરનારની ઉંમર અને આવક હતા ?

(૫) શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ સામાવાળાઓ પાસેથી માંગ્યા મુજબ વળતરની મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલી ?

(૬) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ સામાવાળાઓ પાસેથી વળતર ઉપરાંત વ્યાજ,પેન્લટી તથા ખર્ચની રકમ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલી ?

(૭) આખરી હુકમ શું હોઈ શકે ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) ઉમર–પર વર્ષ, માસીક પગાર રૂા.૧૬૩૫/–

(૫) હકારમાં, વળતરની રકમ રૂા.૧,૧૯,૫૧૮.૫/–

(૬) હકારમાં, વ્યાજ ૧૨%, પેન્લટી ૧૦%

(૭) આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો ::–</u>**

**(૧૨) <u>મુદ્દા નં.૧ અને ચર્ચા :–</u>**

**<u>મુદ્દા નં.૧ :–</u>** **શું અરજદારો સાબિત કરે છે કે, તેઓ ગુજરનારના કાયદેસરના આશ્રીતો છે ?**

આ કામના અરજદાર પોતાની અરજીમાં તથા જુબાનીના સોગંદનામામાં જણાવે છે કે, **" અમો અરજદારના પતિ સોમાભાઈ મોહનભાઈ રોહિત કે જેઓ મોર્ડન વી.આર.સીકયુરીટી ફોર્સ (ઈન્ડીયા) પ્રા.લી. માં તા.૨૯/૧૧/૨૦૧૪ થી જોડાયેલ."** આમ, અરજદાર મૈયતના પત્નિ હોવાનું જણાવેલ છે અને તે હકીકત પુરવાર કરવા માટે નિ.૦૩/૫ થી ચુંટણી કાર્ડની નકલ, નિ.૦૩/૬ થી આધારકાર્ડની નકલ તથા નિ.૦૩/૭ થી બેંક પાસબુકની નકલ રજુ કરેલ છે. આ તમામ દસ્તાવેજો જોતાં અરજદારનું પતિનું નામ સોમાભાઈ દર્શાવવામાં આવેલ છે તેથી અરજદાર મૈયતના પત્નિ હોવાનું ફલીત થાય છે. વધુમાં સામાવાળાઓ ઘ્વારા તે હકીકતની વિરૂઘ્ધમાં કોઈ પુરાવો હાલના કામે રજુ કરવામાં આવેલ નથી. જેથી આ કામે અરજદાર મૈયતના પત્નિ હોય તેઓ ઈમ્પલોઈજ કમ્પનસેશન એકટ–૧૯૨૩ની કલમ–૨(ડી) મુજબ આશ્રિતો શ્રેણીમાં આવે છે. જેથી મુદદા નં.૧ નો હકારમાં આપવામાં આવે છે.

**(૧૨.૧) <u>મુદદા નં.૨ અને નં.૩ ની સંયુકત ચર્ચા</u>:–**

**<u>મુદ્દા નં.૨ :–</u>** **શું અરજદારો સાબિત કરે છે કે, અકસ્માત સમયે ગુજરનાર અને સામાવાળાનો શ્રમયોગી અને માલીકનો સંબંધ હતો ?**

**<u>મુદ્દા નં.૩ :–</u>** **શું અરજદારો સાબિત કરે છે કે, ગુજરનારનું મૃત્યુ સામાવાળાની નોકરી ની ફરજ દરમ્યાન અને ફરજના ભાગરૂપે થયેલ ?**

આ કામના સામાવાળા નં.૧ નાઓ આંક–૧૩ થી જવાબ રજુ કરેલ છે જેમાં તેઓ પેરા નં.૨(એ)

માં કબુલ કરે છે કે, **"મૈયત સોમાભાઈ મોહનભાઈ સામાવાળા નં.૧ ને ત્યાં તા.૨૯/૧૧/૨૦૧૪ ના રોજ સીકયુરીટી ગાર્ડ તરીકે જોડાયેલ. તા.૨૮/૦૯/૨૦૧૮ ના રોજ મૈયત સોમાભાઈ મોહનભાઈ રોહિત સામાવાળા નં.૩ સંસ્થાના ગેટ પર સામાવાળા નં.૨ ના સુચના મુજબ કામગીરી કરતા હતા અને તે દરમ્યાન રોડ ક્રોસ કરતા રાજરતન કંપનીની કમ્પાઉન્ડની બહાર અકસ્માત થતાં તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ અને તા.૦૯/૧૦/૨૦૧૮ ના રોજ તેઓ અવસાન પામેલ."** આમ, સામાવાળા નં.૧ ની કબુલાત જોતાં મૈયત સોમાભાઈ મોહનભાઈ રોહિત અને સામાવાળા નં.૧ વચ્ચે નોકર–માલીકનો સંબંધ હતો તે પુરવાર થાય છે. તેથી મુદ્દા નં.૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

આ કામે સામાવાળા નં.૪ નાઓ આંક–૧૯ થી જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, અકસ્માત વાળું બનાવ સામાવાળા નં.૧ ની નોકરી દરમ્યાન અને નોકરીના ભાગરૂપે થયેલ નહી કારણ કે અરજદારે પોતાની અરજીમાં જણાવેલ કે, મૈયત સામાવાળા નં.૩ કંપનીના કમ્પાઉન્ડની બહાર પાન–પડીકી લેવા માટે ગયેલ અને તે સમયે અકસ્માત થયેલ. તેથી પોલીસીની શરતો મુજબ અકસ્માત નોકરી દરમ્યાન અને નોકરીના ભાગરૂપે થયેલ નથી.

આ કામના મૈયત સામાવાળા નં.૧ ની ફરજમાં  સામાવાળા નં.૩ ની જગ્યા ઉપર ફરજ બજાવતા હતા તે હકીકત નિ.૦૩/૧૦ થી રજુ પોલીસ ફરીયાદ અને નિ.૦૩/૧૧ થી રજુ પંચનામામાં જણાવેલ હકીકતોથી પુરવાર થાય છે. આ કામના મૈયત બપોરના ૨:૦૦ વાગ્યાના સમય દરમ્યાન પડીકી લેવા ગયેલ અને પડીકી લઈ પરત આવતા હતા તે દરમ્યાન અકસ્માત થતાં મૃત્યુ પામેલ તે હકીકતો રેકર્ડ ઉપરથી જણાય આવે છે અને અરજદાર તે વાત પોતાની ઉલટતપાસમાં પણ કબુલ કરે છે. મોટા ભાગે બધી જ કંપનીઓમાં બપોરના બે વાગેના આશરામાં રીસેષનો સમય હોય છે અને રીસેષ દરમ્યાન કામદારો રીફ્રેશ થવા માટે કંપનીની કમ્પાઉન્ડની બહાર જતાં હોય છે જે તેઓના સારી કામગીરી કરવા માટે જરૂર પણ હોય છે. વધુમાં સામાવાળા નં.૩ સંસ્થામાં રીસેષ દરમ્યાન રીફ્રેશમેન્ટ માટે વ્યવસ્થા હોવા છતાં પણ આ કામના મૈયત સંસ્થાની કમ્પાઉન્ડની બહાર જવા નીકળેલ તેવું ફલીત થતું નથી. વધુમાં જો તે દિવસ મૈયત ફરજ પર ન હોત તો સદરહું અકસ્માત ન બનેલ હોત. જેથી હાલના બનાવની હકીકતોને કલમ–૩ હેઠળ નોશનલ એકસટેન્શન ઓફ એમ્પ્લોયમેન્ટની થ્યોરી લાગુ પડે છે. નામદાર કર્ણાટક હાઈકોર્ટ ધ્વારા

M/S.ICICI Lombard General Insurance V/S. Sri N Krishnappa (MFA NO.9035/2012) માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ મૈયતનું મૃત્યુ સામાવાળાઓની નોકરી દરમ્યાન અને નોકરીના ભાગરૂપે થયેલ તે પુરવાર થાય છે જેથી મુદ્દા નં.૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૨.૨) <u>મુદદા નં.૪</u> :–**

**<u>મુદ્દા નં.૪ :–</u> શું અરજદારો સાબિત કરે છે કે, અકસ્માત સમયે અરજીમાં જણાવ્યા મુજબ ગુજરનારની ઉંમર અને આવક હતા ?**

આ કામે અરજદાર પોતાની સોગંદ ઉપરની જુબાની અને અરજીમાં માં જણાવે છે કે, મૈયત અકસ્માતના દિવસે ૫૨ વર્ષના હતા અને તેઓનો માસિક પગાર રૂા.૧૬૩૫/– ચુકવવામાં આવતો હતો તે પુરવાર કરવા માટે નિ.૦૩/૨ થી મૈયતના ચુટણીકાર્ડની નકલ અને મૈયતના પાનકાર્ડની નકલ રજુ કરેલ છે તે જોવામાં આવે તો મૈયતની જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬ દર્શાવવામાં આવેલ છે. વધુમાં સામાવાળાઓ ધ્વારા સદરહું હકીકતની વિરૂઘ્ધનો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી અકસ્માતના દિવસે ગુજરનારની ઉંમર ૫૨ વર્ષની હતી તેવું જણાય આવે છે. વધુમાં અરજદારનો માસિક રૂા.૧૬૩૫/– ચુકવવામાં આવતો હતો તે હકીકત વિરૂઘ્ધ પણ કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી જેથી અરજદારનો માસિક પગાર રૂા.૧૬૩૫/– હતુ તેવું ઠરાવવામાં આવે છે.

**(૧૨.૩) <u>મુદદા નં.૫,૬ અને ૭</u> :–**

**<u>મુદ્દા નં.૫ :–</u> શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ સામાવાળાઓ પાસેથી માંગ્યા મુજબ વળતરની મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલી ?**

**<u>મુદ્દા નં.૬ :–</u> શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ સામાવાળાઓ પાસેથી વળતર ઉપરાંત વ્યાજ,પેન્લટી તથા ખર્ચની રકમ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલી ?**

**<u>મુદ્દા નં. ૭ :–</u> આખરી હુકમ શું હોઈ શકે ?**

આ કામે મુદ્દા નં.૨ અને ૩ માં જણાવ્યા મુજબ મૈયત સોમાભાઈનું અવસાન સામાવાળા નં.૧ ના ફરજ દરમ્યાન અને ફરજના ભાગરૂપે થયેલ હોય તે પુરવાર થતા સામાવાળા નં.૧ પાસે વળતર મેળવવા હકકદાર થાય છે.

**વળતરની ગણતરી :–** આ કામે મૈયત અકસ્માત સમયે ૫૨ વર્ષના હતા તથા તેઓને માસિક

આવક રૂા.૧૬૩૫/– ધ્યાને લેતાં કામદાર વળતર ધારાની જોગવાઈ મુજબ હાલના મૈયત અકસ્માત સમયે ૫૨ વર્ષના હોઈ જેથી આ કામે રેલેવન્ટ ફેકટર ૧૪૬.૨૦ અને તેઓનો માસિક પગાર રૂા.૧૬૩૫/– ને મરણના કિસ્સામાં ૫૦ % લેખે એટલે કે રૂા.૮૧૭.૫/– પ્રમાણે ગણતરી કરતાં ગુજરનારના વળતરની રકમ ( ૧૪૬.૨૦ × ૮૧૭.૫/–) રૂા.૧,૧૯,૫૧૮.૫/– થાય છે.

વધુમાં આ કામે સામાવાળા નં.૧ નાઓ સામાવાળા નં.૪ પાસેથી અકસ્માત અંગેનો વીમો ઉતરાવેલ હોય અને જે આ કામે આંક–૧૬ થી વીમા પોલીસીની નકલ રજુ કરેલ છે. સદરહું પોલીસી અકસ્માતના સમયે ચાલુ હતી તે પણ જણાય આવે છે. જેથી આ વીમા પોલીસી મુજબ સામાવાળા નં.૪ વીમા કંપની અરજદારને વળતર ચુકવવા જવાબદાર જણાય આવે છે. તેથી હાલની અરજીમાં અરજદારે જે વળતરની માંગણી કરેલ છે તે ચુકવવાની જવાબદારી સામાવાળા નં.૧ ની સાથે સામાવાળા નં.૪ વીમા કંપનીની પણ થાય છે. જેથી વળતરની રકમ ચુકવવા સામાવાળા નં.૧ અને નં.૪ સંયુકત કે વિભકત રીતે જવાબદાર થાય છે તેવુ ઠેરવવામાં આવે છે. જેથી આ કામે અરજદારને હાલના સામાવાળા નં.૧ અને ૪ પાસેથી વળતરની રકમ પેટે રૂા.૧,૧૯,૫૧૮.૫/– તેમને કાયદેસર રીતે મળવા પાત્ર થાય છે.

આ કામે અરજદારે આંક–૦૧ થી વળતર અરજી રજુ કરેલ છે અને સામાવાળા નં.૧ નાઓ અરજદારોને વળતર પેટેની રકમ ચુકવી આપવા માટે કોઈ કાર્યવાહી કરેલ નથી જેથી આ કામે કામદાર વળતર અધિનિયમ ની કલમ–૧૯૨૩ ની કલમ–૪ ની જોગવાઈઓ વંચાણે લેતાં મજકુર વળતરની રકમ અકસ્માત થયા તારીખથી દિન–૩૦ ની અંદર અત્રેના વ.કો. કમિશ્નરશ્રી સમક્ષ જમા કરાવેલ ન હોય જેથી આ કામના અરજદારો સામાવાળા નં.૧ પાસે થી વ્યાજ મેળવવા હકકદાર થાય છે.

સામાવાળા નં.૧ અકસ્માત તારીખ થી વળતર ચુકવતા સુધી નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા **Shanti & Others v/s National Insurance Compoany, 2025 INSC 234** ના કેસમાં ઠરાવ્યા મુજબ ૧૨% લેખે સાદુ વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે તેમ ઠરાવવામાં આવે છે.

વધુમાં કામદાર વળતર ધારાની કલમ–૪/એ ની જોગવાઈ વંચાણે લેતા માલીક તરફે અકસ્માત મૃત્યુંનો બનાવ બન્યા તારીખ થી એક માસમાં વળતરની રકમ જમા ન થયેથી પેનલ્ટીની રકમ ચુકવવાની જવાબદારી થાય છે. આમ, હાથ ઉપરનાં કેસમાં સામાવાળા નં.૧ તરફે થી અકસ્માત તારીખ થી એક માસમાં વળતરની રકમ જમા કરાવેલ નથી. ત્યારે પેનલ્ટીની જવાબદારી

સામાવાળા નં.૧ ની રહે છે. વધુમાં કામદાર વળતર અધિનિયમની જોગવાઈ મુજબ વળતરની રકમમાં ૫૦ ટકા થી વધુ રકમની પેનલ્ટી ચુકવવા હુકમ કરી શકાય નહી. અરજદાર તરફે આંક–૧ ની અરજી તથા દલીલમાં ૫૦% પેનલ્ટીની રકમની માંગણી કરેલ છે. આ કેસની હકીકતો અકસ્માતની તારીખ, અરજદાર કામદાર કામનો પ્રકાર, કાયદાકીય જોગવાઈ લક્ષમાં લેતા વળતરની રકમ ઉપર ૧૦ % લેખે પેનલ્ટીની રકમ સામાવાળા નં.૧ માલીકે અરજદારોને ચુકવી આપવી તેવો હુકમ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેવુ જણાય આવે છે. વધુમાં અરજદારે હોસ્પિટલમાં થયેલ સારવાર અંગેના ખર્ચ માટેની રકમ પણ માંગેલ છે પરંતુ અરજદારે સારવારમાં કરેલ ખર્ચ અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી સારવાર અંગેના ખર્ચ માટે તેઓ હકકદાર થતાં નથી. વધુમાં સામાવાળા નં.૪ નાઓ એવી દલીલ કરે છે કે, આ કામના મૈયત ઈ.એસ.આઈ. માં કવર થતાં હતા જેથી તેઓ હાલની અરજી હેઠળ દાદ મેળવવા હકકદાર થતાં નથી પરંતુ સામાવાળા નં.૪ નાઓ તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી જેના ઉપરથી એવું માની શકાય કે મૈયત ઈ.એસ.આઈ. સ્કીમમાં કવર થતાં હતા. જેથી સામાવાળા નં.૪ નાઓની સદરહું દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

નામદાર સુપ્રિમ કોર્ટ દવારા **NEW INDIA ASSSURANCE COMPANY LTD VS. HARSHAD BHAI AIR 2006 SUPREME COURT 1926** માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ સામાવાળા નં.૪ વળતરની રકમ ઉપર વ્યાજ તથા પેનેલ્ટી આપવા જવાબદાર રહેતા નથી તેવું ઠેરવવામાં આવે છે. આમ, સમગ્ર ચર્ચાના અંતે મુદ્દા નં.૫ અને ૬ નો જવાબ હકારમાં અને મુદ્દા નં.૭ નો જવાબ નીચે મુજબ આપવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

**(૧)** અરજદારની હાલની અરજી નં.૦૯/૨૦૧૯ અંશતઃ મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આથી આ કામના સામાવાળા નં.૧ અને ૪ નાઓને આ કામના અરજદારને વળતરની રકમ રૂા.૧,૧૯,૫૧૮.૫/– (અંકે રૂપિયા એક લાખ ઓગળીસ હજાર પાંચ સો અઢાર અને પચાસ પૈસા પુરા) ચુકવી આપવા માટે સંયુકત અને વિભકત રીતે જવાબદાર ઠરાવવામાં આવે છે અને સામાવાળાઓએ તે રીતે અરજદારોને વળતર ચુકવી આપવું.

**(૩)** આથી આ કામના સામાવાળા નં.૧ એ અરજદારને વળતરની રકમ ઉપર

તા.૨૮/૦૯/૨૦૧૮ થી વસુલ થતાં સુધીના સમયગાળાનુ વાર્ષિક ૧૨% લેખે સાદુ વ્યાજ ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

**(૪)** સદર કામના સામાવાળા નં.૧ નાઓએ અરજદારને પેન્લટી પેટે ના રૂા.૧૧,૯૫૨/– (અંકે રૂપિયા અગીયાર હજાર નવ સો બાવન પુરા) અલગથી ચુકવી આપવા.

**(૫)** આથી સામાવાળાઓને હુકમ કરવામાં આવે છે કે, આ હુકમની જાણ થયાના દિન–૩૦માં હુકમની અમલવારી કરવી અને તે રીતની રકમ કોર્ટમાં ડીપોઝીટ કરાવવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૦૯/૦૪/૨૦૨૫
સ્થળ : વડોદરા.
એ.જે.અરબ–સ્ટેનો

(અરૂણ સોની)
(CODE NO.GJ01422)
કમિશનર
કર્મચારી વળતરઅધિનિયમ,
મજુર અદાલત નં.૩, વડોદરા.